R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 17 DATE:27-04-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## શ્રીલંકામાં આતંકી બોમ્બમારાને કારણે ખ્રિસ્તીઓનો પવિત્ર તહેવાર ઇસ્ટર રક્તરંજિત બની ગયો :ઇસ્લામિક સ્ટેટ આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી

શ્રીલંકામાં ચર્ચો પર થયેલા હુમલાઓ ન્યુઝીલેન્ડના ક્રાઇસ્ટચર્ચની મસ્જીદમાં થયેલા હુમલાનો બદલો લેવા માટે કરાયો છે તેવો આતંકવાદી સંગઠને દાવો કર્યો હતો.ઈસ્ટર સન્ડેના રોજ શ્રીલંકામાં થયેલા આત્મઘાતી આતંકવાદી હુમલામાં ૩૦૦ જેટલા વ્યક્તિઓના મોત નિપજ્યા હતા અને તેટલાજ ઘાયલ થયા હતા તેવા સમાચારો આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં એવું જાણવા મળ્યુ હતું કે ન્યુઝીલેન્ડના ક્રાઇસ્ટ ચર્ચ ખાતે માર્ચ મહિનામાં મસ્જીદ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે શ્રીલંકાના ચર્ચો પર હુમલો કરાયો હતો. ૧૫મી માર્ચે ક્રાઇસ્ટ ચર્ચની બે મસ્જીદ પર એક ઓસ્ટ્રેલિયન નાગરિકે કરેલા હુમલામાં ૫૦ મુસ્લીમોના મોત નિપજ્યા હતા.બીજી બાજું ખુંખાર આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે શ્રીલંકાના હુમલાની જવાબદારી સ્વીકારી હતી.હુમલામાં મૃતકોની સંખ્યામાં પોલીસ પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે મોતનો આંક ૩૦૦ વટાવી ગયો હતો.અને આ હુમલામાં ૫૦૦થી વધુને ઈજા પહોચી હતી.આતંકવાદી હુમલાના સંદર્ભમાં ૪૦ કરતાં વધુ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી.ભારતના વિદેશમંત્રી ના જણાવ્યા મુજબ આ આતંકી હુમલામાં ૧૦ ભારતીયોના મોત નિપજ્યા હતા.

ઈસ્લામિક સ્ટેટની એક એજન્સી દ્વારા કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે શ્રીલંકામાં જે વિવિધ સ્થળે હુમલા કરવામાં આવ્યા તે ઈસ્લામિક સ્ટેટના ફાઈટર્સ દ્વારા કરવામાં આવ્યા છે. જો તેના નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે શ્રીલંકામાં ઈસ્ટર સન્ડેના રોજ થયેલા આતંકવાદી હુમલામાં પ્રારંભિક તપાસ દરમિયાન ઈસ્લામિક સ્ટેટની સંડોવણીના સંકેતો પ્રાપ્ત થયા છે.આ બાબતે કેટલીક તસવીરો જારી કરાઇ છે જે આત્મઘાતી હુમલાખોર જણાવાયા હતા. આ ત્રણ આત્મઘાતી હુમલાખોરોમાં અબુલ બાર્યા, અલ મુખ્તાર અને અબુ ઉબૈદાનો સમાવેશ થાય છે.

ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા આત્મઘાતી આતંકી હુમલાને કારણે દેશમાં ઈમરજન્સી ની જાહેરાત કરવામાં આવી હતી અને દેશભરની સરકારી કચેરીઓ પર અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરાઇ હતી.

શ્રીલંકામાં થયેલા આઠ સિરીયલ બ્લાસ્ટમાં ઈસ્લામિક જુથના સાત આત્મઘાતી બોમ્બરો હોવાનું મનાય છે.બોમ્બ ધડાકાઓ બાદ હાથ ધરાયેલી તપાસમાં આખા શહેરને નેસ્તનાબુદ કરવાનું હોય તેટલી માત્રામાં ૮૭ ડેટોનેટર્સ મળી આવ્યા હતા. પેટ્ટાહ વિસ્તારમાં સેન્ટ્રલ કોલંબો બસ સ્ટેશને આ તમામ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.અન્ય એક સ્થળેથી જમીન પર મુકાયેલા ૧૨ બોમ્બ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.આ દર્શાવે છે કે આતંકીઓ વધુ બોમ્બ ધડાકાઓ કરવાના હતા.સરકારી પ્રવક્તાએ જણાવ્યુ હતું કે નેશનલ તાવહીદ જમાત નામના એક સ્થાનિક ઈસ્લામિક કટ્ટરપંથી જુથે આ બ્લાસ્ટનું કાવતરુ ઘડ્યું હોવાની શંકા છે.

ઈસ્ટર સન્ડે ના આતંકી બોમ્બ બ્લાસ્ટ પછી તપાસ કરી રહેલા સુરક્ષાના ઘેરા વચ્ચે કોલંબોમાં એક ચર્ચ નજીક કારમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેમાં કોઇ જાનહાનિ થઇ નહોતી.બોમ્બ નાશક ટુકડી બોમ્બનો નાશ કરી રહી હતી ત્યારે આ ભયાનક વિસ્ફોટ થયો હતો. અને કાર આગની જવાળામાં લપેટાઇ ગઇ હતી.નજીકમાં પાર્ક કરેલી કેટલીક કારોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા હુમલામાં ભારતના જેડીએસના ૪ નેતાઓ સહીત ૬ ભારતીયોના મોત નિપજ્યા હતા.કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીએ જણાવ્યા મુજબ જેડીએસના ૭ નેતા કોલંબો ગયા હતા અને હોટેલ શાંગ્રીલામાં ઉતર્યા હતા. જ્યાં તેઓ આતંકી હુમલાનો ભોગ બન્યા હતા. બે લોકો લાપત્તા બન્યા છે જેમની શોધખોળ ચાલું છે.જો હજુ સુધી આ હુમલા પાછળના લોકોનો સત્તાવાર સંડોવણીની ભાળ મળી નથી.









ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

ગરવી નવક્રાંતિ

ન્યાયતંત્ર ઉપર પોતાનો રુઆબ અને સત્તાના જોરે,પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગતા પરિબળો સામે કોર્ટે કડક હાથે કામ લેવાની જરુર છે.આવા પરિબળો કોર્ટને ગેરમાર્ગે દોરતાં પણ અચકાતાં નથી જે આપણે ભુતકાળમાં જોયું છે. રફાલ કેસમાં સુપ્રીમ કોર્ટેને ગેરમાર્ગે દોરવામાં આવી હતી.અને પાછળથી તેને ભુલ કહીને કેસને વાળી દેવામાં આવ્યો.પરિણામએ આવ્યું કે સત્તાધીશો પોતાના તરફેણમાં ન્યાયને વાળી દીધો.કેટલીક ક્ષતિઓ ગંભીર હોવા છતાં તેને નજરઅંદાઝ કરાવવા માટે જે રીતો અખત્યાર કરવામાં આવી રહી છે તે સુપ્રીમ કોર્ટની સ્વતંત્રતા અને ન્યાય પડકારનારી છે.

એડવોકેટ ઉત્સવ બૈસે ચીફ જસ્ટીસ ગોગોઈને જાતિય શોષણના મામલે ફસાવવાનું ષડયંત્ર રચાયું હોવાના પોતાના દાવા અંગે કોર્ટમાં રીપોર્ટ આપી દીધો છે.જેમાં તેમણે જણાવ્યુ હતું કે  કેટલાક લોકો છે કે જેઓ પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગે છે. દરમિયાન સુપ્રીમ કોર્ટે વકીલ ઉત્સવ બૈસેન સુરક્ષા પુરી પાડવા માટે પણ આદેશ આપ્યો છે.ઉત્સવ બૈસે દાવો કર્યો  હતો કે સીજેઆઈને એક ષડયંત્ર અંતગર્ત ફસાવવામાં આવી રહ્યા છે.તેમણે સોશિયલ મીડીયા દ્વારા આ ષડયંત્ર વિશે જણાવ્યું છે.બૈસના કહેવા પ્રમાણે તેમની પાસે સીસીટીવી ફુટેજ છે જે અસલી પુરાવો છે તે કોર્ટને તેમણે સોપ્યો છે.તેમના કહેવા પ્રમાણે આરોપી-માસ્ટર માઈન્ડ છે તેમજ ખુબ શક્તિશાળી છે.

જ્યારે આ ષડયંત્રની વાત બહાર આવતાં અનેક રહસ્યો પરથી પડદા ઉચકાય તેવી વકી છે.કેટલાક જજોએ રાજકીય દબાણો જેવા અનેક કારણો જજમેન્ટને પ્રભાવિત કરવા માટે આચરાય છે તેવો ઘટસ્ફોટ પણ કર્યો છે અને તે પણ છેલ્લા ચારથી પાંચ વર્ષોમાં અને જો તે માટે જજો આવી તાકાતોની આગળ નમી જતા નથી તો તેઓને ષડયંત્રનો શિકાર બનાવી દેવાય છે.

એનડીએના શાસન કાળમાં સુપ્રીમ કોર્ટ, બંધારણ, જજોની સ્વાયત્તા, સ્વતંત્રતા અને એવી અનેક બાબતો દેખાઈ છે જે લોકશાહીના માળખાને હાનિકર્તા બની શકે તેમ છે.સત્તા સ્થાને બેઠેલા લોકોએ આ બાબતે પુરેપુરી નિષ્ઠાથી કાળજી રાખીને લોકશાહીની માવજત કરવાની છે તે તેમણે ભુલવું જોઈએ નહીં. માત્ર ખુરશી જ ટકાવી રાખવા માટે ગમે તે હદે જવું તે યોગ્ય પણ નથી.

સીજેઆઈ સામે મહિલાએ કરેલા આરોપો તેમને ફસાવવાનું કાવતરુ છે તેની સાથે કોર્ટે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે એક મહિલા સાથે જાતીય શોષણ તો નથી થયુંને ? તેની તપાસ થવી જોઈએ. ન્યાયતંત્રએ બેઉ બાજુના તાજવાને તોળવાનો પ્રશ્ન ઉભો થયો છે.ન્યાયતંત્રની કોઈ ઠેકડી ના ઉડાડે તે પણ જોવાનું છે અને કોઈને અન્યાય પણ ના થાય તે પણ જોવાનું છે.સત્તાના જોરે,પૈસાના જોરે મહિલાઓનું જાતિય શોષણ વિશ્વભરમાં થતું રહ્યું છે.પરંતુ ન્યાય તેને અન્યાય ના કરી શકે.

## મંતવ્ય

ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ ખાતે આવેલી બે મસ્જીદોમાં થયેલા બોમ્બ મારામાં માર્યા ગયેલા મુસ્લીમોના મોતનો બદલો લેવા માટે શ્રીલંકામાં ઈસ્ટરના પવિત્ર તહેવાર નિમિત્તે એકઠા થયેલા ખ્રિસ્તીઓને નિશાન બનાવીને આંતકી સંગઠને ૩૦૦થી વધુ લોકોના મોત નિપજાવ્યા.આતંકી સંગઠનો દ્વારા વર્તાવાતો કેર નિર્દોષોનો ભોગ લે છે તે બહુ સામાન્ય બાબત છે.છેલ્લા કેટલાક વર્ષોથી સીરીયા વિગેરે દેશોમાં ઈસ્લામીક સંગઠન દ્વારા ફેલાવાતા આતંકને લીધે લાખો લોકો બેઘર બન્યા છે અને હજારોની સંખ્યામાં લોકોના જાન ગયા છે.અનેકો એ પોતાના વતન છોડીને નિરાશ્રિત બનીને ભટકતું જીવન ગુજારી રહ્યા છે.શું ધર્મ આતંક ફેલાવવાનો એક માત્ર તમને આદેશ આપે છે. કોઈપણ ધર્મે આવા આદેશો કે સિધ્ધાંન્તો આપ્યા નથી.શ્રીલંકાએ તો વર્ષો સુધી એલટીટીઈ અને સરકારનું ઘર્ષણ જોયું છે નિહાળ્યું છે અને તેનો ભોગ અને ભાગ બન્યા છે.શ્રીલંકાને માંડ માંડ તેમાંથી મુક્તિ મળી છે.ત્યાં બીજા દેશનો બદલો લેવા શ્રીલંકાને જ કેમ ટાર્ગેટ કરવામાં આવ્યું તે સમજાતું નથી.

તરુણ કે વાઘેલા


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ફ્રાંસના ૮૦૦ વર્ષ જુના કેથેડ્રલમાં લાગેલી આગમાં ચર્ચનો મોટાભાગનો હિસ્સો ભસ્મીભુત : અમુલ્ય રચનાઓ,ધાર્મિક પ્રતિકોને આગથી બચાવી લેવાયા



ફ્રાંસની રાજધાની પેરિસ સ્થિત ૮૦૦ વર્ષ જુના નોસ્ત્રાદેમસ કેથેડ્રલમાં લાગેલી ભીષણ આગમાં ચર્ચનો મોટાભાગનો હિસ્સો તબાહ થઈ ગયો હતો. પેરિસના લેન્ડમાર્ક ગણાતા આ ચર્ચમાં લાગેલી આગને કારણે સમગ્ર ફ્રાંસ અને વિશ્વને ઉંડો આઘાત લાગ્યો છે. આગમાં ચર્ચની છતને ભારે નુકશાન પહોચ્યું છે.જો કે ફાયરબ્રિગેડના જવાનો ચર્ચના ઘંટના બે ટાવર અને પથ્થરના માળખાને બચાવવામાં સફળ રહ્યા હતા.ફાટી નિકળેલી આગ ઝડપથી ફેલાઈ જતાં આખી છતમાં ફેલાઈ ગઈ હતી.જેના કારણે ચર્ચનો મુખ્ય મિનારો ધરાશયી થઈ ગયો હતો.ત્યારબાદ સમગ્ર છત સળગી ગઈ હતી.ફાયરબ્રિગેડના લાશ્કરોએ મુખ્ય બેલ ટાવરોને બચાવવા ભારે જહેમત કરવી પડી હતી.તેમણે નોત્રાદેસ્મસની અમુલ્ય રચનાઓ અને ધાર્મિક પ્રતીકોને પણ બચાવી લીધા હતા. આ આગમાં એક લાશ્કરને ગંભીર ઈજા પહોચી હતી.ફાયર બ્રિગેડના મુખ્ય વડા જિન ગેલેટે જણાવ્યુ હતું કે ચર્ચના મુખ્ય હિસ્સાને આગમથી ભસ્મ થતાં બચાવી લેવામાં આવ્યો છે.ઘણી મુલ્યવાન વસ્તુઓને ફાયરબ્રિગેડે જીવના જોખમે બચાવી લીધી છે.આ કેથેડ્રેલ પેરિસની મધ્યમાંથી વહેતી સીન નદીમાં આવેલા આઈલ લા સાઈટ ટાપુ પર આવેલું છે.

૧.ફ્રાંસનું નોસ્ત્રદેમસ કેથેડ્રલ ૮૦૦ વર્ષ જુનું છે અને ફ્રાંસનો આત્મા ગણાય છે.૨.ઈ.સ.૧૧૬૩માં આ કેથેડ્રલનું નિર્માણ થયું હતું.૩.૨૦૦ વર્ષના નિર્માણકાર્ય બાદ ઈ.સ.૧૩૪૫માં ચર્ચ પુરુ બંધાઈ ગયું હતું.૪.ફ્રાંસના સમ્રાટ નેપોલીયને પોતાને ફ્રાંસનો સમ્રાટ જાહેર કર્યો તે નોસ્ત્રાદેમસમાં આ ચર્ચ આવેલું છે.૫.બીજા વિશ્વયુધ્ધમાં જર્મન શાસનમાંથી મુક્તિ મળી તે ૨૪ ઓગષ્ટ ૧૯૪૪ના રોજ આ ચર્ચમાં જોરદાર ઘટારવ કરી પેરિસની આઝાદીની જાહેરાત કરાઈ હતી.૬.૨૬ વર્ષ બાદ ફ્રાંસને બીજા વિશ્વયુધ્ધમાં દોરવણી આપનાર ચાર્લ્સ દ ગોલની અંતિમ વિધિ આ ચર્ચમાં કરાઈ હતી.૭.ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડાવતી વખતે પહેરાવાયેલો કાંટાનો તાજ આ ચર્ચમાં હોવાનું મનાય છે.૮.ચર્ચનો મુખ્ય મિનારો ૧૨૫૦માં ઊભો કરાયો હતો.પરંતુ ૫૦૦ વર્ષ બાદ તેને ઉતારી લેવાયો હતો.૯.૧૮૬૦માં આર્કિટેક્ટ યુની વાયોલેટ લિ ડ્યુકે આ મિનારો તૈયાર કર્યો હતો.૧૦.હોલીવુડની ઘણી ફિલ્મોના શુટિંગ આ ચર્ચમાં કરાયા હતા.૧૧.યુનેસ્કો દ્વારા આ ચર્ચને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

# પેરીસનું વિખ્યાત ચર્ચ નોત્રે-દેમ ચર્ચ ૬ વર્ષ સુધી બંધ રહેશે

પેરિસનું વિખ્યાત નોત્રે-દેમ ચર્ચ આગમાં ખાક થયા પછી ચર્ચના રેકટરે કહ્યુ હતું કે તેઓ ચર્ચને છ વર્ષ સુધી બંધ રાખશે. બિશપ પેટ્રીક સુવેટે કહ્યુ હતું કે આ વિખ્યાત સ્મારક પાંચ-છ વર્ષ સુધી બંધ રાખવામાં આવશે.ભયાનક આગમાં આ ચર્ચનો ઐતિહાસિક ગુંબજ એ સમગ્ર છત નાશ પામ્યા છે. રેકટરે કહ્યુ હતું કે ચર્ચનો અમુક ભાગ પછી ઘણો જ નબળો પડી ગયો છે જો કે તેમણે એ ક્યો હિસ્સો તે વિશે જણાવ્યુ નહોતું.દરમિયાન આગમાં ખાક થયેલા ચર્ચના કાટમાળમાંથી ચર્ચના ગુંબજ પર મુકાયેલું કિંમતી રુસ્ટર શિલ્પ કાટમાળમાંથી મળી આવ્યું હતું. આગના કારણે તે નષ્ટ થઈ ગયું છે.

# આ કેથેડ્રલનું પુનઃ નિર્માણ જ ફ્રાંસનું મુખ્ય લક્ષ્ય રહેશે અને આવનારા વર્ષોને તે મુખ્ય પ્રોજેક્ટ બની રહેશે

ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને આગની જાણ થતાં ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમણે પત્રકારોને જણાવ્યુ હતું કે અમે ચર્ચને ભારે નુકશાન થતાં અટકાવી શક્યા છીએ. જો કે હજુ આગ સામેનું યુધ્ધ સંપુર્ણપણે પુરુ થયું નથી. ફ્રાંસ ચર્ચના પુનઃનિર્માણ માટેનું અભિયાન શરુ કરશે.ફ્રાંસ અને વિશ્વભરમાંથી મળનારી સહાય દ્વારા ચર્ચનું પુનઃનિર્માણ કરાશે. એ વાતમાં કોઈ શંકા નથી કે આ કેથેડ્રલનું પુનઃનિર્માણ જ ફ્રાંન્સનું મુખ્ય લક્ષ્ય રહેશે અને આવનારા વર્ષોનો તે મુખ્ય પ્રોજેકટ બની રહેશેફ્રાંસના અબજોપતિ ફ્રાન્કોઈસ હેનરી પિનોલ્ટે જણાવ્યુ હતું કે નોસ્ત્રાદેમસ ચર્ચના પુનઃનિર્માણ માટે હું અને મારો પરિવાર ૧૦૦ મીલીયન યુરો દાન કરશે. જો કે વિશ્વ ભરમાંથી આ કેથેડ્રલના પુનઃ નિર્માણ માટે નાણાંકીય મદદનો પ્રવાહ ચાલુ થઈ  ગયો છે.     મૅઑ ૌ

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુ:ખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણનો કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે.

જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# અઝીમ પ્રેમજી યુનીવરસીટીએ કરેલા એક અભ્યાસમાં જે તારણ નીકળ્યું તે સત્તાસ્થાને બેઠેલાઓની ઉંઘ હરામ કરી દે એમ છે : નોટબંધીએ બે વર્ષમાં ૫૦ લાખ લોકોએ નોકરીઓ ગુમાવી

૮મી નવેમ્બરે ૨૦૧૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધીને નોટબંધીની જાહેરાત કરી હતી જેના પરિણામે બે વર્ષમાં ૫૦ લાખ નોકરીઓથી લોકોને હાથ ધોવા પડ્યા હતા. બેંગલુરની અઝીમ પ્રેમજી યુનીવરસીટીના સેન્ટર ફોર સસ્ટેનબલ એમ્પ્લોમેન્ટ દ્વારા પ્રસિધ્ધ સ્ટેટ ઓફ વર્કીંગ ઈન્ડીયા ૨૦૧૯માં એમ પણ જણાવાયું છે કે નોટબંધીનો સમય અને નોકરીઓ ગુમાવવામાં આવી એવું સબંધિત કારણ સ્પષ્ટપણે જોવા મળ્યું નથી. આ રિપોર્ટ અનુસાર જો મહિલાઓની નોકરીઓને ધ્યાનમાં લઈએ તો નોકરીઓ ગુમાવવાનું પ્રમાણ હજુ પણ વધુ જોવા મળી શકે છે. આ રિપોર્ટ અનુસાર નોકરીઓ ગુમાવવાની આ સ્થિતિ નોટબંધીના લીધે જ સર્જાઈ કે કેમ એ કહી શકાય તેમ નથી. પરંતુ ચોક્કસપણે ચિંતાનો વિષય જરુર છે અને આ મામલે તાત્કાલિક ધોરણે નીતિગત દરમિયાનગીરીની આવશ્યકતા છે.

આ રિપોર્ટમાં અપાયેલા મુલ્યાંકન અનુસાર સમગ્રપણે જોઈએ તો ૨૦૧૧ પછી બેરોજગારીમાં સતત વધારો થયો છે.અને બેકારોમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. આ ઉપરાંત શિક્ષિતોમાં રોજગારી વધતી જોવા પણ મળી તો ઓછા શિક્ષિતોએ નોકરીઓ ગુમાવવી પડી છે અને તેમની સામે કામની તકો સમયની સાથે ઘટવા લાગી છે.રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ આંકડાઓ જ દર્શાવે છે કે ચુંટણીમાં શા માટે પ્રાથમિક આર્થિક મુદા તરીકે બેરોજગારીનો મુદ્દો સ્પષ્ટપણે ઉભરી આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે એક સરકારી રિપોર્ટ લીક થયો હતો જેના અનુસાર દેશમાં બેકારીનો દર ૨૦૧૭-૧૧૮માં છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધુ રહ્યો હતો.નેશનલ સેમ્પલ સર્વે ઓફિસનો પીરીઓીક લેબર ફોર્સ સર્વે જુલાઈ ૨૦૧૭ જુ ૨૦૧૮ દરમિયાન કરવામાં આવ્યો હતો જેના અનુસાર બેકારીનો દર દેશમાં ૬.૧ ટકા છે. અને આ દર ૧૯૭૨-૭૩થી અત્યાર સુધીમાં સૌથી વધારે છે. આ સરકારી રિપોર્ટ સરકારે જાહેર કર્યો નહોતો પરંતુ એક અંગ્રેજી અખબારને તે જોવા મળ્યો હતો. જો કે નીતિ આયોગના વાઈસ ચેરમેન રાજીવકુમારે એ સમયે કહ્યુ હતું કે આ રિપોર્ટની ચકાસણી કરવામાં આવી નથી.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# વિશ્વભરના સમીક્ષકો સ્વીકારે છે કે નોટબંધી બહુ મોટો છબરડો હતો.આર્થિક નીતિઓમાં ભુલો થતી રહે પરંતુ તેનો સ્વીકાર પણ થવો જોઇએ

નોટબંધી એ ભુલ હતી પરંતુ સરકારે તે હજુ સુધી સ્વીકાર્યું નથી.નીતિ વિષયક ભુલો થતી રહે પરંતુ જો આવી ભુલો સ્વીકારવામાં આવે અને સુધારાત્મક પગલાં ભરવામાં આવે તો તે પ્રોફેશનલ અભિગમ સુચવે છે અન તેનાથી રાષ્ટ્રનો આત્મવિશ્વાસ બુલંદ બને છે. અન્ય કેટલીક નાની પહેલ પણ કુશળતાનો અભાવ સુચવે છે જેમકે આર્થિકરીતે નબળા વર્ગો માટે સરકારી નોકરીમાં ૧૦ ટકા અનામત રાખવી નીતિ છે. આ યોજનામાં આર્થિક રીતે નબળા વર્ગની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે ભારતની વસતીના પાંચ ટકા ઉચ્ચ શ્રીમંતો જ તેમાંથી બાકાત રહે છે. જોકે એ બહુ પ્રકાશમાં આવ્યું નથી કે આ યોજનામાં એક મોટો વર્ગ વંચિત રહી ગયો છે. શિડ્યુલ કાસ્ટ તથા અન્ય વંચિત વર્ગના લોકોને આ નોકરીઓ મળવાની નથી. અન્ય શબ્દોમાં કહીએ તો આ નવી નીતિના કારણે વંચિત વર્ગના લોકો એ દસ ટકા નોકરીઓમાંથી પણ બાકાત રહેશે જેના માટે અગાઉ તેઓ લાયક હતા. આ બહું મોટો ગુંચવાડો છે.

રોજગારીના મુદ્દે આપણી પરિસ્થિતિ ગંભીર છે.ભારતને જેમાં કુદરતી ફાયદો છે તેવું એક ક્ષેત્ર છે વેપાર. ચીનમાં પગારો વધી રહ્યા છે તો તેના કારણે આપણી નિકાસોમાં જંગી વધારો કરવા માટે આપણે સક્ષમ હોવા જોઇએ. તેના કારણે મોટાપાયે રોજગારી સર્જાશે અને કૃષિ ક્ષેત્રમાં સકારાત્મક ફાયદો થશે. પરંતુ માત્ર સસ્તા દરે શ્રમિકો ઉપલબ્ધ હોય તેટલા માત્રથી નિકાસોમાં વૃધ્ધિ સર્જાતી નથી. તે માટે સંખ્યાબંધ યોગ્ય નીતિઓની હારમાળા જોઇએ. તેમાં બીજી બાબતો ઉપરાંત વિદેશી ચલણ દરનું વ્યવસ્થાપન પણ જોઇએ.

ભારત સરકારના તાજેતરના જીડીપીના આંકડાનો દર ૬.૬ બતાવે છે. જો કે ભારતે છેલ્લા એક દાયકામાં જે વૃધ્ધિ દર હાંસલ કર્યો હતો તેની સરખામણીએ આ દેખાવ બહુ નબળો છે. અને વૈશ્વિક સરખામણીએ તો તે અડધો જ છે. પરંતુ તેમ છતાં તે આવકારદાયક છે. જો કે અર્થતંત્રની પારાશીશી સમાન બીજા કેટલાક સુચકાંકો જોતાં અર્થતંત્રનો દેખાવ એકદંરે નિરાશાજનક લાગે છે.

સૌ. નગુસ : કૌશિક બસુ.વિશ્વબેન્કના માજી ચીફ ઈકોનોમિસ્ટ)

# મહારાષ્ટ્રના પોલીસ અધિકારી દિવંગત હેમંત કરકરે આતંકીઓ સામે લડતાં શહીદ થયા કે પછી ભાજપી ઉમેદવાર પ્રજ્ઞા ઠાકુરના શ્રાપનો ભોગ બન્યા ?

મહારાષ્ટ્રના આઈપીએસ અધિકારી હેમંત કરકરે માલેગાંવ વિસ્ફોટ કેસમાં આરોપી સામે તપાસ કરી રહ્યા હતા અને મુંબઈ હુમલા વખતે આતંકવાદીઓ સામે લડાઈ લડતાં શહીદ થયા હતા.ભારત સરકારે તેમનું અશોક ચક્રથી સન્માન કર્યુ હતું.

કોઈપણ ગુનામાં અપરાધી પકડાય પછી પોલીસ તેની તપાસમાં તેની સાથે કેવું દમન કરે છે તે તો ગુનેગાર જ વર્ણવી શકે.પોલીસને રીમાન્ડ આપવાની સત્તા કોર્ટ ધરાવે છે અને રિમાન્ડમાં પોલીસ ગુનો કબુલવા કે ગુનાની વિગતો મેળવવા માટે દમન આચરે છે તે નવું નથી.

માલેગાંવ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સાથે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ દરમિયાન દમન આચરાયું હોવાની વાત કરીને હેમત કરકરેની કુરબાનીને કલંકિત કરવાનો પ્રયાસ તેમણે કર્યો છે તેવું લોકોનું માનવુ બન્યું છે.

રાજકારણમાં ચુંટણીમાં અનેક ગુનેગારો અને માફીયા ગેંગના નેતાઓ ચુંટણી લડે છે જેઓ અનેક વખત જેલમાં ગયા છે અને કેટલાંક જેલમાંથી જ ચુંટણી લડ્યા છે આ બધાએ પોલીસ દમનનો લાભ લીધો છે. પરંતુ તેઓએ પોલીસ દમનનો સહારો લઈને જનમત મેળવવા માટે પ્રયત્ન નથી કર્યો.જ્યારે બીજેપી તરફથી ચુંટણીમાં ઉમેદવાર બનેલા પ્રજ્ઞા ઠાકુરે કરકરે માટે જે શબ્દો વાપર્યા તેનાથી લોકમત નારાજ તો જરુર થયો છે પરંતુ તેમને લાગણીના મતો મળશે નહીં.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**







**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર



ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરનો જન્મ ૧૪મી એપ્રિલ,મધ્યપ્રદેશના મહુ ગામમાં થયો હતો.વર્ષ૧૮૯૧માં તેમનો જન્મ થયો તેથી આજ તેમનો ૧૨૮મો જન્મદિવસ આપણે મનાવીયે છીએ.તેઓ તેમના પિતાનું ચૌદમું સંતાન હતા.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ પછી સ્વતંત્ર ભારતમાં બંધારણ રચવાનો પ્રશ્ન આવ્યો ત્યારે સરદાર અને નહેરુએ ગાંધીજી સમક્ષ બંધારણના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન સર ઈવોર જેનિંગના નામનું સુચન કર્યુ હતું. પરંતુ ગાંધીજીએ ડો.આંબેડકર તરફ સંકેત કર્યો હતો.પરિણામે બંધારણના ડ્રાફટીંગ ચેરમેન તરીકે ડો.આંબેડકરની પસંદગી કરવામાં આવી.આ કમિટીના અન્ય સભ્યોમાં કનૈયાલાલ મુનશી,એ,કે.ઐયર,સૈયદ મહંમદ સાદુલ્લા, એન.ગોપાલ સ્વામી આયંગર , ટી.પી. ખૈતાન અને બી.એલ. મિત્તર હતા.આ ઉપરાંત વિવિધ વિષયોને અનુલક્ષી જુદી જુદી કમિટીઓની રચના પણ કરવામાં આવી હતી.

ડો.બાબાસાહેબ આંબેડકર ૩૦ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસથી બંધારણના નિર્માણના કાર્યમાં લાગી ગયા અને આખરે ૨ વર્ષ ૧૧માસ અને ૧૮ દિવસના સતત અવિરત પ્રયત્ન પછી ડો.બાબાસાહેબે ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે બંધારણસભાના પ્રમુખ ડો.રાજેન્દ્રપ્રસાદને બંધારણનો ખરડો સુપરત કર્યો.એ દિવસે બંધારણ સભાના ૭૦ સભ્યોએ ચર્ચામાં ભાગ લઈને આંબેડકરની બંધારણ નિર્માણની શક્તિને બિરદાવી હતી.

ડો.બાબાસાહેબ આંબેડકરે પોતાની અસ્વસ્થ તબિયત હોવા છતાં ખુબજ ઉત્સાહ અને લગનથી બંધારણ ઘડવાનું કામ કર્યુ હતું તેની નોધ કમિટિએ લીધી હતી.આ પ્રસંગે બંધારણ સભાને સંબોધતાં આંબેડકરે ખુબજ પ્રેરણાત્કમ અને દિશાસુચક ઉદ્ગારો વ્યક્ત કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે બંધારણ પ્રમાણે કામ થઈ શકે છે. તે એટલું મજબુત છે કે શાંતિ અને યુધ્ધના સમયે પણ કામ આપી શકે છે.જો તમે મને એ કહેવાની અનુમતિ આપશો તો હું કહીશ કે નવા બંધારણ પ્રમાણે કાર્ય કરવાની વાત બગડતી હોય તો તેનું કારણ એ નહીં આપું કે બંધારણ ખરાબ છે.આપણે એ કહેવું પડશે કે તેનો ઉપયોગ કરનારા દોષિત સાબિત થયા છે.

બાબાસાહેબે રાજકારણમાં સક્રિય રહેવા માટે અને દલિતોના ઉત્કર્ષ માટે જુલાઈ ૧૯૪૨માં નાગપુરમાં શેડ્યુલ કાસ્ટ ફેડરેશનની રચના કરી હતી.પરંતુ તેને જન સમર્થન મળ્યું નહોતું.અને આબંડકરના ફેડરેશનને ચુંટણીમાં પણ યશ મળ્યો નહોતો.પરંતુ આંબેડકરની બુધ્ધિ પ્રતિભાનો રાષ્ટ્રીય સ્તરે ઉપયોગ થાય તેવા હેતુથી પ્રેરાઈને સરદાર પટેલે તે વખતના મુંબઈના મુખ્યમંત્રી બી.જી ખેરને સુચના આપી કે આંબેડકરને મુબઈની બેઠક પરથી ચુંટાવીને બંધારણસભામાં મોકલી આપો.

હાલમાં કેટલાક રાજકીય પક્ષોના અંગત મંતવ્યો એવા છે કે આપણું બંધારણ યોગ્ય નથી.તેને બદલી નાંખવુ જોઈએ.પરંતુ બાબા સાહેબ આંબેડકરના મતે તે ખોટું છે.તેમણે કહ્યુ હતું કેબંધારણ ખરાબ છે તેના કરતાં એવું કહેવું પડશે કે તેનો ઉપયોગ કરનારા દોષિત સાબિત થયા છે.કેટલીક રાજકીય પાર્ટીએ પોતાનું આ દેશ માટે અલગ બંધારણ તૈયાર કરી દીધું છે.અને જો તેઓ બહુમતીમાં આવી જાય તો કદાચ આ બંધારણને રદ્દીમાં ફેકી દેવાની કવાયત કરી શકે તેમ છે.પરંતુ જે કાળજી બંધારણ ઘડવામાં બાબા સાહેબ દ્વારા લેવાઈ છે તેનો જોડ જડે તેમ નથી.

જો કે બાબા સાહેબે આ દેશ પર બંધારણ બનાવીને કરેલા ઉપકારોને હાલના લોકો ભુલી રહ્યા છે.કેટલાકને આ બંધારણ સ્વીકાર્ય નથી.કેટલાક નવા બધારણની રાહ જોઈ રહ્યા છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.